




ગાંધીનગર ભાટ ખાતે આવેલી ઉદ્યમીતા વિકાસ સંસ્થામાં (ઈડીઆઈ) તા ૧૮ થી ૨૦ના રોજ દ્વિવાર્ષિક કોન્ફરન્સ યોજાઈ? આ ત્રણ દિવસીય કોન્ફરન્સનું ઉદ્ઘાટન IIMના દ્વિજેન્દ્ર ત્રિપાઠી, સંસ્થાના ડિરેક્ટર દિનેશ અવસ્થી ની હાજરીમાં થયું હતું? જેમાં અમેરિકા,જર્મની,સ્કોટલેન્ડ જેવા વિવિધ દેશ માંથી કુલ ૩૫૦ જેટલા ઉદ્યોગસાહસિક વૈજ્ઞાનિકોની ઉપસ્થિતિમાં અલગ અલગ ક્ષેત્રોના શોધપત્રો રજુ કર્યા હતા.જેમાં જે વિશ્વમાં મહિલાના વ્યાપાર સબંધિત મુશ્કેલીઓ તથા તેના ઉપાય માટે ભરવા પડતા વિવિધ પગલા અને વિવિધ સંસ્થામાં કામ કરતા કર્મચારીને પોતાની વ્યાપાર સબંધિત કૌશલ્ય વિકાસ વિષય સંદર્ભે કડી વિશ્વવિધાલયના જર્નાલીસમ વિભાગના વિધાર્થી જય મેરજા તથા પલક પટેલના ૨ સંશોધન પત્ર આંતરરાષ્ટ્રીય જર્નલમાં પ્રકાશિત થયા હતા તથા તેને પ્રતિનિધિમંડળ સમક્ષ પ્રસ્તુતિ કરી હતી. આયોજિત કાર્યક્રમમાં ઉત્કૃષ્ટ દેખાવ બદલ યુનિવર્સિટીના રજીસ્ટ્રારશ્રી એસ.કે. મંત્રાલા,પત્રકારત્વ વિભાગના કો-ઓર્ડિનેટરશ્રી કૃષ્ણકાન્તભાઈ જહા  સહિત ફેકલ્ટી મિતેશ મોદીએ અભિનંદન પાઠવ્યા હતા.